શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૧૭ • સળંગ અંક : ૬૮ • તા. ૨૮ સપ્ટેમ્બર થી ૦૪ ઓક્ટોબર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# જ્ઞાતિમાં દિવ્યાંગોનું પ્રથમ ઐતિહાસિક આનંદમિલન









‘વિશ્વાસ’

પાતળા કાગળ જેવો હોય છે
એકવાર કરચલી પડ્યા પછી
ક્યારેય પાછો બરાબર નથી થતો

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services

## અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# બાળક અને વડીલ વચ્ચે સેતુ છે યુવા ધન

માનવજીવનની ત્રણ અવસ્થા છે. બાળપણ, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. બાળપણએ માનવ જીવનનો ચડાવ છે. યુવાવસ્થા શિખર છે અને પાકટ વય માનવજીવનનો ઉતાર છે. બાળક દિન બ દિન ક્રમશ આગળ વધતો વધતો વિકાસ કરે છે. જ્ઞાન, સમજણ અને શિક્ષણ તથા આજુબાજુના માહોલનો નિરીક્ષણ કરી પોતાની બુદ્ધિ સતેજ કરે છે, વિકસાવે છે. તો યુવાવસ્થા સાહસ અને જ્ઞાન, સમજણ અને વિજ્ઞાનના ઉપયોગથી પોતાનો જીવન સુદ્રઢ કરે છે. યુવાન માટે છલાંગ લગાવી ખાઈ ઓળંગવી એને માટે વિકટ નથી તે આંધળું સાહસ કરનાર છે. ખતરાને હાથમાં લઈને આગળ વધનાર જણ છે. કોઈપણ રીતે આંખ સમક્ષ દેખાતું, તેણે ધારેલું લક્ષ્ય પ્રાપ્ત થાય એ જ એનું ધ્યેય હોય છે. યુવાવસ્થા પ્રાપ્ત કરવાની, મેળવવાની અવસ્થા છે. જેટલું હાથે ચડ્યું એટલું જમા કરી લેવું એવી અવસ્થા છે.

જ્યારે વૃદ્ધાવસ્થા અનુભવ, જ્ઞાન અને સમજણ જેટ જેટલું મળ્યું તેને વાગોળવાની અવસ્થા છે. પોતાની પાસે પડેલ, સંચય થયેલું એ બીજાને આપી સમૃદ્ધ કરવું. પોતાને પ્રાપ્ત થયલે અઢળક વિચાર, સમજણએ યોગ્ય વ્યક્તિને આપી જવું એ જ એનું કર્તવ્ય થઈ અનુગામી પેઢીને આપી સમૃદ્ધ કરી જવું એ જ કર્તવ્ય તેનું હોય છે.

જૂની પેઢી જેને ઓલ્ડ જનરેશન કહીએ, જ્યારે વિકસતી પેઢી એટલે કે ન્યૂજનરેશન બંન્ને વચ્ચે સારપ અને સમજણ રહે એવી સેતુની ભૂમિકા યુવા તૈયાર કરી શકે છે. અને કરવી જ જોઈએ. આ તેની ફરજ છે. વડીલો પોતાની માન્યતામાં અડગ હોય છે. પોતાને મળેલ અનુભવને આધારે જે નાનેરાઓને સલાહ સૂચન કરતા હોય છે. એ ન્યૂજનરેશનને ગળે ઉતરતા નથી. આમ આ વિચારભેદ બન્ને પેઢી વચ્ચે ખાઈ સર્જે છે. ભેદ પાડે છે. જે લાંબો સમય જતાં અલગતા સર્જે છે. અંટસ સર્જે છે. જે સંબંધ માટે નુકસાન કારક છે. આ વિસ્તરતી જતી ખાઈ સમાજ માટે અને સંબંધ માટે પણ હાનિકારક છે. આવી અવસ્થા યુવા પેઢીની સક્રિયતાથી અટકી શકે છે.

નવા વિચારોની મજબૂતી જૂની પેઢીને સમજાવી, જૂની પેઢીના વિચારો, અનુભવો નવી પેઢીના થનગનતા યુવાનોને જણાવી તે જે રાહ પકડે છે. તેમાં શું નુકશાની છે ખતરા છે, અગવડ છે, તેનાથી તેમને જ્ઞાત કરાવી આંધળિયા સાહસ કરતાં રોકવા, એ પ્રત્યે સજાગ કરવા જોઈએ. વડીલ પેઢીને સન્માન પૂર્વક નવા વિચારોથી અવગત કરી, વડીલોનું જ્ઞાન અને નવી પેઢીના વિજ્ઞાન સાથે વિચારોના સમન્વય દ્વારા સમજણ સેતુ રચે એ યુવાધનની ફરજ છે. બંન્ને પેઢી વચ્ચે બેલેન્સ કરી માન સ્વમાન સાથે બંન્ને પેઢી સંકલન સાધી કાર્ય કરે તો અવશ્ય સિદ્ધિઓ મળે. આ માટેનો પાયો સમાજનો યુવાધન થઈ શકે છે. કોઈ પણ ભવ્ય ઈમારતને ઊભી કરતાં પહેલાં તેનો પાયો મજબૂત રીતે જમીન અંદર ધરબવું પડે છે. શિખ સૌ કોઈ સ્પષ્ટ રીતે જોઈ શકે છે. પણ પાયાને કોઈ યાદ કરતું નથી. માટે સમાજનું શિખર ગગનગામી બને એ માટે નો પાયો યુવાધનએ બનવું જોઈએ.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જ્ઞાતિમાં દિવ્યાંગોનો પ્રથમ ઐતિહાસિક આનંદમિલન









સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૧૯ શનિવાર રોજ બપોરે ૪ કલાકે નપુ હૉલ માટુંગા સ્થળે આનંદમિલન શિર્ષક હેઠળ દિવ્યાંગ જ્ઞાતિજનો માટે સાંસ્કૃતિક પ્રોત્સાહન અને પરસ્પર મિલનનો ક.દ.ઓ. જ્ઞાતિ સમાજમાં પ્રથમવાર અદ્ભૂતપૂર્વ કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમનો પ્રારંભ દિવ્યાંગ દિકરી અર્ચિતા દ્વારા નવકાર મંત્ર પઠનથી થયો ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો મુંબઈ મહાજનના પ્રમુખ કલ્પેશભાઈ મોતા, સમસ્ત મહાજન ટ્રસ્ટી હંસ બી. ખીમજી, હેમાબેન છેડા વગેરે અગ્રણીઓ દ્વારા દિપ પ્રાગટ્ય કરાયું. ઉપસ્થિત સૌને દિવ્યાંગ સમિતિ ચેરમેન કાશ્મીરાબેન લુઠિયાએ સૌને ઉર્મિભેર આવકાર આપ્યો હતો.

શરૂઆતે ટી.વી. સિરીયલ ફિલ્મોમાં પોતાની પ્રતિમા ઝળકાવતા કમર્શિયલ આર્ટિસ્ટ મેજિશીયન સાગર દ્વારા મેજીક શૉ રજૂ કરાયો. જે સૌને આનંદિત કરેલ. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશીથભાઈ દંડનું સ્વાગત સત્કાર દિવ્યાંગ દિકરીઓ દ્વારા કરાયું.





# જ્ઞાતિમાં દિવ્યાંગોનો પ્રથમ ઐતિહાસિક આનંદમિલન





દિવ્યાંગોએ વિવિધ સાંસ્કૃતિક આઈટમો પ્રસ્તુત કરી. જેમાં ડાન્સ, કેસીઓ વાદન, ગરબા પ્રસ્તૃતિ, ગજીયો, માર્શલ આર્ટ વગેરેનું નિર્દેશન બખૂબીથી કરી સૌ પ્રેક્ષકોની વાહવાહ મેળવી. આ કાર્યક્રમ તેઓ બખૂબીથી રજૂ કરી શકે એ માટે તેમના કેરટેકર વ્યક્તિઓને તાલીમ તેમજ સમજ અપાઈ ટ્રેઈન કરાયા હતા, તેઓએ તેમને જહેમત અને ધીરજપૂર્વક ટ્રેઈન કરી તૈયાર કર્યા હતા.

કાર્યક્રમ માટે નપુ હૉલ નિઃશુલ્ક સંજય વિસરાણી અને પંકજ વિસરાણી દ્વારા વાલજી લખમશી નપુની ૪૦મી પૂણ્યતિથિ નિમિતે અપાયું હતું તેની અનુમોદના કરાઈ. તે ઉપરાંત કાર્યક્રમના મુખ્ય દાતા કુસુમબેન તથા હરીશભાઈ ધરમશી એચ.ડી. ફાયરવાળા રહ્યાં હતા. જ્યારે સહયોગી દાતા આશિષ ઉત્તમભાઈ મૈશેરી, અશ્વિન મણિલાલ ખોના, જયાબેન અરૂણ મોતા, માધુરીબેન કિશોર વિકમશી, ડૉ.ધનલક્ષ્મી લાલકા, નીતિનભાઈ સાયલા, મીનાબેન શાંતિલાલ અને શિલ્પાબેન અજાણીનું









# જ્ઞાતિમાં દિવ્યાંગોનો પ્રથમ ઐતિહાસિક આનંદમિલન









બહુમાન કરાયું. કાર્યક્રમમાં સ્થાનિક નગરસેવિકા નેહલબેન ખોનાની પ્રોત્સાહિત ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ સંચાલન શિલ્પા અજાણી અને આભાર દર્શન નીના સાયલાએ કર્યું હતું. મુંબઈ તેમજ પરિસર અને કચ્છ જામનગર હૈદરાબાદથી ૩૦ જેટલા દિવ્યાંગો સાથે તેમના પરિવારજનો મળી ૧૦૦ જણ ઉપસ્થિત રહી કાર્યક્રમનો ભાગ બની આનંદિત થયા હતા.

કાર્યક્રમની અવિસ્મરણીય ઉપલબ્ધિ થઈ રહે એ માટે ૩ દિવ્યાંગજનો પગભર થાય એ માટેની પૂરી જવાબદારી-માર્ગદર્શક રાહબર બનીને નીશિથભાઈ દંડએ સાચી શાહને, હેમાબેન છેડાએ પલ મોતાને તથા કુસુમબેન ધરમશીએ અર્ચિતા લોડાયાને એડોપ્ટ કર્યા અને તેમની સમગ્ર જવાબદારી લીધી.







# જ્ઞાતિમાં દિવ્યાંગોનો પ્રથમ ઐતિહાસિક આનંદમિલન




ઉપસ્થિત રહેલ દિવ્યાંગોમાં પાંચ દિવ્યાંગો જેઓ વિવિધ ક્ષેત્રમાં એચીવમેન્ટ મેળવી સૌને માટે પ્રેરક બની રહે એવી પ્રતિમા ખીલવી છે એવા સ્પોર્ટસપર્સન પલ ગિરીશ મોતા, કલ્ચરલ એક્ટિવિટીમાં નોંધપાત્ર પ્રદાન આપેલ ખ્યાતિ વિજય મોતા, સ્પોર્ટ-માર્શલ આર્ટમાં પોતાની પ્રતિભા ખીલવનાર મયૂર વિજય મોતા, ભરત કામ, હસ્તકલામાં નીના શામજી મર્ચન્ટ અને બેડમિન્ટન તેમજ બન્ને પગ ન હોવા છતાં ૧૦૦ કિ.મી. સાઈક્લીંગ રનર થયેલ પ્રિયાંક નાગડા તથા સમાજસેવા પ્રવૃત્તિ માટે મહેશ ખોનાનું વિશેષ સન્માન કરાયું.

હાજર રહેલ સૌ દિવ્યાંગોને મહેશ ખોના દ્વારા શેઠશ્રી નરશી નાથાની છબી ભેટ અપાઈ. જ્યારે શિલ્પા અજાણી દ્વારા બેગ અપાઈ તથા પ્રોત્સાહક ભેટ, મોમેન્ટો તેમજ રોકડ કવર ભેટ અપાઈ. કાર્યક્રમ અંતે દિવ્યાંગજનો સાથે ઉપસ્થિત સૌએ રાસ-ગરબાની રમઝટ જમાવી. જગત જનની માડીનો દરબારનો માહોલ જમાવ્યો હતો.









# કે.ડી.ઓ. ક્લાસિક સોસાયટી અને કે.ડી.ઓ. કલાસિક ફાઉન્ડેશનની વાર્ષિક સામાન્ય સભા ઉલ્લાસપૂર્વક સંપન્ન

કે.ડી.ઓ. ક્લાસિક સોસાયટીની બીજી વાર્ષિક સામાન્ય સભા અને કે.ડી.ઓ. કલાસિક ફાઉન્ડેશનની ત્રીજી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૧મી સપ્ટેમ્બરના ચેમ્બુર ખાતે એમરાલ્ડ ક્લબમાં યોજાઈ હતી.

સભાની શરૂઆત કરતાં પ્રેસિડેન્ટ સરસ્વતી લાપસિયાએ ઉપસ્થિત સભ્યોનું સ્વાગત કર્યું હતું. સેક્રેટરી કપિલ લોડાયાએ મિનીટ્સ અને એજેન્ડાનું વાચન કર્યું હતું. ખજાનચી જયશ્રી જૈનએ હિસાબની રજૂઆત કરી હતી.

સ્થાપક પ્રેસિડેન્ટ શાંતિલાલ શિયાળએ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાએલા વિવિધ મેડિકલ પ્રોજેક્ટ્સ તેમ જ ભવિષ્યના પ્રોજેક્ટ્સ અંગે માહિતી આપી હતી. જોઈન્ટ સેક્રેટરી ચંદ્રિકા લોડાયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશનને રૂ. ૩ લાખનું દાન આપનાર મધુકાન્તભાઈ ખોનાનું સ્થાપક પ્રેસિડેન્ટ શાંતિલાલ શિયાલ તેમજ ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ મણિલાલ ધુલ્લાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

એજીએમની કાર્યવાહી પૂરી થયા બાદ સૌ સભ્યોએ કચ્છી ઢોલના તાલે દાંડિયારાસ રમવાનો આનંદ માણ્યો હતો.







# શ્રેષ્ઠ ડેબીટ કાર્ડની પહેલ માટે અરીહંત કો-ઓપ. બેન્કને એવોર્ડ

તા. ૧૮ અને ૧૯ સપ્ટેમ્બરના ગોવામાં હોટેલ હોલીડે ઇન ખાતે યોજાએલી નેશનલ કો-ઓપરેટીવ બેન્કિંગ સમિટમાં શ્રી અરીહંત કો-ઓપરેટીવ બેન્ક લિ.ને નાના શહેરી (સ્મોલ અર્બન) કો-ઓપ. બેન્ક સેગમેન્ટમાં શ્રેષ્ઠ ડેબીટ કાર્ડની પહેલ માટેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. બેન્કના ચેરમન હીરાચંદભાઈ દંડ અને આઈ.ટી. હેડ રોહિત સિંગએ બેન્ક વતી એ એવોર્ડ સ્વીકાર્યો હતો.



# મોટા આસંબિયાથી સુથરી તીર્થ શ્રી ગુણ ગુણોદય ગુલાબ વસંત જિન ભક્તિ 'છરિ પાલક' યાત્રા સંઘ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત ગુરૂદેવ ગુણસાગર સૂરિશ્વરજી મ.સા.ની અલૌકિક કૃપા, જિન શાસન શિરોમણિ તપ ચક્રવર્તી તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા આશિષ, આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી, કવિન્દ્રસાગરસૂરિ.મ.સા.શ્રીવીરભદ્રસાગરસૂરિ મ.સા., તથા શ્રી મહોદયાસાગરસૂરિ મ.સા.ના આશીર્વાદ, સાધ્વીગણ શિરતાજ પ્રવર્તની મહતરા પ.પૂ.દાદીગુરૂણી સા.શ્રી.ગુલાબશ્રીજી મ.ની પરમકૃપા, કચ્છ મોટા આસંબિયામાં જન્મ પામી અને સવંત ૨૦૧૨ માગસર સુદી ૭ના દિક્ષિત થયા એવા સાધ્વીગણ મુખ્યા પ્રવર્તિની મહતરા પરમ વિહુષી પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સાની ૬૬મી દિશા તિથિ નિમિતે પ.પૂ.ગુરૂણી સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સાના શિષ્યા.પ્રશિષ્યા પરિવાર ૩૬ ઠાણા સહ પ.પૂ.સા.શ્રી જિન પ્રભાશ્રીજી મ.સા.અનુમોદના તા.૨૪ નવેમ્બર ૨૦૧૯ રવિવાર કારતક વદ ૧૩ સવંત ૨૦૭૬ મોટા આસંબિયાથી અબડાસા પંચતીર્થી ના સુથરી તીર્થે શ્રી ગુણોદય ગુલાબ-વસંત જિન ભક્તિ છરિપાલિત સંઘ પ્રયાણ કરશે. પૂર્ણાહૂતિ સંઘમાળ સંઘ ૨૦૭૬ માગસર સુદી ૭ મંગળવાર તા. ૩ ડિસેમ્બર ૨૦૧૯ના થશે.

જે ભાગ્યશાળી આ યાત્રા સંઘમાં જોડાવું હોય તેમેણે પૂજ્યશ્રીનો સંપર્ક કરવો. છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯. ફોર્મ મોકલવાના સ્થળ શ્રી શેરડી જૈન સંઘ, ૭૨ જિનાલય તીર્થ કચ્છ, મુંબઈમાં શ્રી મુલુંડ (ઈસ્ટ) જૈન સંઘ પૂ.સા.શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.

વધુ વિગત માટે સંપર્ક કરવો જયેશભાઈ લાલન-૯૯૩૦૪૩૫૭૭૭ જેઠાલાલભાઈ ગડા-૯૩૨૨૨૨૫૬૭૪, કેસરબેન (કચ્છ)-૯૯૨૦૮૬૪૦૧૩, ગીતાબેન-૯૯૭૫૨૯૯૫૨૫, મધુબેન લોડાયા-૯૩૨૨૪૪૪૧૪૩ તથા જયાબેન ગડા-૯૯૬૯૫૩૮૯૮૫.

# દિવાળી વેકેશનમાં વસઈને આંગણે બાળકો-યુવાનો માટે શ્રી સર્વોદય જ્ઞાન સંસ્કાર શિબિરનું આયોજન

આધ્યાત્મ યોગી પ.પૂ.મુનિરાજશ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. તથા યુવા ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ. મુનિરાજશ્રી ગુણ વલ્લભસાગરજી મ.સા.ની પાવન ભરી નિશ્રામાં ૧૩ થી ૨૬ વર્ષના બાળકો અને યુવાનો માટે શ્રી સર્વોદય જ્ઞાન સંસ્કાર શિબિરનું આયોજન તા. ૨૭ ઓક્ટોબર રવિવારથી તા. ૩ નવેમ્બર ૨૦૧૯ રવિવાર સુધીની રાખવામાં આવેલ છે. જે પણ આ શિબિરમાં બાળકો અને યુવાનોએ આ શિબિરમાં ભાગ લેવો હોય તેઓએ સંઘમાંથી ફોર્મ મેળવી પૂજ્યશ્રી પાસે ફોર્મ ભરી લેવા. શિબિર સ્થળ વિમલનાથ જિનાલય ૧૦૦ ફૂટ રોડ બિકાનેર સ્વીટની પાછળની ગલી વસઈ (વેસ્ટ). સંપૂર્ણ શિબિરના લાભાર્થી પરિવાર લીલાવંતી સતીષ નાગડા નરેડીવાળા હસ્તે શાસન, દીપના, કીર્તિ, કાવ્યા, પ્રિયાંશ, ભાવના પરેશ ગડા ગામ ભોજાયવાળા છે.



# વડોદરા સંઘમાં વામા માતા થાળનું અનુષ્ઠાન કરાયું







શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન વડોદરા સંઘમાં પ.પૂ. સાધ્વી શ્રી હિત પ્રજ્ઞાશ્રીજીમ.સા.ની પાવનકારી નિશ્રામાં વામા માતાના થાળનું અનુષ્ઠઆન આયોજન ભક્તિ ભાવથી કરાયું હતું. સકળ સંઘના સૌ શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહ ભર્યા સહભાગથી અનુષ્ઠાન ભવ્યતાથી થયા હતા.

## ઘર બેઠા પરીક્ષા OPEN BOOK EXAM

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસી તપ પ્રસંગે પ્રકાશિત ‘ગુણ અનંતમાં રમાડજો’ પુસ્તક આધારીત OPEN BOOK EXAM નું આયોજન કરવામાં આવ્યું છે. વહેલો તે પહેલાના ધોરણે નીચેના સરનામેથી પુસ્તક-પ્રશ્નપત્ર-ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી. રૂ. ૧૦૦/- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

સુ.શ્રી. લતાબેન.એલ.વીકમશી.
૨/૩૯, અનંતનિવાસ-ભાત બઝાર, ૨૬૨/૭૦, નરશી નાથા ટ્રસ્ટી, મસ્જીદબંદર, મુંબઈ-૯, મો. ૯૩૨૩૯૪૪૧૧૭.

અ.સૌ.મનીષાબેન.એચ.ખોના.
૧૦૬. અનંત છાયા, ૬૦ ફીટ રોડ, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ-૭૭. મો. ૯૬૬૪૭૯૮૩૯૮

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**
**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**
**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સમસ્ત મહાજનની સ્કીમ સંજીવનીનાં સિલ્વર પેટ્રન થયાં- જૈનેતર મહાનુભાવો



પરોપકારનો અર્થ છે અન્યોની ભલાઈ કરવી. પોતાના સિવાય અન્ય એટલે પોતાના જ્ઞાતિભાઈઓ સાથો સાથ માનવ ધર્મને ચરિતાર્થ કરતા નાત, જાત, પોતાનું કે પરાયું ન માની માત્ર કરૂણા ભાવ રાખી પરજનોની મદદ કરે, બીજાઓનો સહારો બને.

બીજાઓ માટે વ્યક્તિ કેટલું કર્યું, એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો સાર્થકતાનો ખ્યાલ આવે છે. અન્યજનોની કેટલી મદદ કરી કેવા ભાવથી સહાય કરી તેમાં જે તે વ્યક્તિની કરૂણતા સાથે દિવ્યતા પ્રગટ થાય છે. આ વાતને સાર્થક કરી વડોદરા સ્થિત નોન કેડીઓ જૈન બંધુ મિત્રોએ સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડના આત્મીય દોસ્તોનું આ ગ્રુપ સમસ્ત જ્ઞાતિ મહાજનની સ્કીમ સંજીવનીમાં રૂા. ૨૫૦૦૦ પ્રત્યેકએ ફાળો આપી સિલ્વર પેટ્રન તરીકે નામ નોંધાવ્યા.

આ ઉદારદિલ નોન કેડીઓ દાતા બંધુઓ છે. પરાગ કોઠારી, નિશિલ મારફતીયા, સંજય ચૌધરી, જતીન પટેલ, અમિત કોઠારી, પીયુષ શર્મા અને વિદિત દેસાઈ તથા કેડીઓ દાતાઓ જેઓ સિલ્વર પેટ્રન બન્યા તેઓ છે. ભાવેશ લોડાયા, મિતેષ લોડાયા, મનિષ ધરમશી, પ્રદીપ મોતા, મનીષ ભાનુશાલી અને નીશિથ દંડ.

તસ્વીરમાં ફ્રેન્ડસગ્રુપના સિનિયર મેમ્બર પરાગ કોઠારીને સંજીવની સ્કીમનો બેજ પહેરાવતાં સેક્રેટરી જનરલ નીશિથ દંડ.

# કેડીઓ મહાજન ચેન્નાઈ દ્વારા ક્ષમાપના કાર્યક્રમ યોજાયો





શ્રી કચ્છ દશા ઓસવાળ મહાજન ચેન્નાઈ દ્વારા સવારે ૯ કલાકે ક્ષમાપના કાર્યક્રમનું આયોજન કરાયું. ઉપસ્થિત જ્ઞાતિજનોને સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનની ગ્લોબલ કાર્ડ સંજીવની સ્કીમ વિષેની વિસ્તૃત સમજ અપાઈ. આ સ્કીમ વિષેના ફાયદાઓની ચર્ચા વિચારણા કરાઈ અને સૌના મનમાં ઉછળતા સવાલોની છણાવટ કરી સરળતા ભાષામાં માર્ગદર્શન અપાયું.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ગોરેગામ અચલગચ્છ સંઘમાં મુમુક્ષો દ્વારા બેઠું વરસી દાન



ગોરેગામ અચલગચ્છ સંઘમાં તા. ૨૬ સપ્ટેમ્બર ગુરૂવાર રોજ મુમુક્ષુ પ્રતીકભાઈ તથા મુમુક્ષુ ગૌતમભાઈનું બહુમાન કરાયું. આ પ્રસંગે બંન્ને મુમુક્ષોએ બેઠું વરસીદાન કર્યું હતું.

# ગોરેગામ સંઘ દ્વારા મુમુક્ષોનું બહુમાન કરાયું



તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૯ ગુરૂવાર દિને શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘમાં મુમુક્ષ પ્રતીકભાઈ તથા મુમુક્ષ ગૌતમભાઈનું પૂજ્ય સાધ્વી ભગવંતોની નિશ્રામાં સંઘ તરફથી ભવ્ય બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુમુક્ષોએ પોતાની દીક્ષાની પત્રિકા પ.પૂ.સા.શ્રી હિતગુણાશ્રીજી મ.સા.ને અતિભાવથી અર્પણ કરી સકળ સંઘને દીક્ષા પ્રસંગે પધારવા આમંત્રણ આપ્યું હતું.

# ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર સંઘમાં રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિની ૩૧મી પુણ્યતિથિ ગુણાનુવાદ સભા



શ્રી ગોરેગાંવ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન સંઘમાં રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.સા.ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ની ૩૧મી પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ કાર્યક્રમ થયો. આ કાર્યક્રમમાં વાપીથી ડૉ. સીમાબેન તરલભાઈ ગાલા પધારેલ. તેઓએ પૂજ્યશ્રી વિશે ખૂબ જ સુંદર અને પ્રેરક ભર્યુ સમજણ સાથે વક્તવ્ય આપી પૂજ્યશ્રીના ગુણોથી સૌને વાકેફ કર્યા હતા. ઉપસ્થિત સૌ તેમની જ્ઞાન વર્ધક, સમજણ અને સરળ છતાં આકર્ષક વાકપ્રવાહથી પ્રભાવિત થયા હતા. જ્ઞાન સભર વક્તા ડૉ. સીમાબેનની સંઘ દ્વારા અઢળક અનુમોદના કરાઈ હતી.







# પ.પૂ.સાધ્વીશ્રી હિરકગુણાશ્રી મ.સા. ના ૧૬ ઉપવાસ તપશ્ચર્યાની પૂર્ણાહુતિએ પારણું અને સાંજી





તા.૨૭.૯.૧૯ ને શુક્રવાર ભાદરવા વદ ૧૪ ના શુભ દિને શ્રી અનંતનાથ જિનાલય,મસ્જિદબંદર મધ્યે ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રી મ.સા. આદિ ઠાણા ૪ માં ના પ.પૂ.સાધ્વીશ્રી હિરકગુણાશ્રી મ.સાહેબે આદરેલ ૧૬ ઉપવાસ તપશ્ચર્યાની પૂર્ણાહુતિએ પારણું અને સાંજી સવારના ૧૦ કલાકેથી પૂજ્ય સાધ્વીજી ભગવંતો તથા યતિવર્ય શ્રી મોતિસાગરજી મ.સા. ની નિશ્રામાં અને શ્રીમતી ચેતના હરિયા અને સાથી કલાકારોની સંગીત મંડળી સાથે ભવ્ય કાર્યક્રમ યોજાયો.



ચેતનાબેન દ્વારા અનોખી રીતે જ પૂજયશ્રીઓના વધામણાં તથા તાપસ્વીને શ્રી અનંતનાથ ટ્રસ્ટીના ટ્રસ્ટીઓ,મુંબઇ મહાજનના અધિકારીઓ,મસ્જિદબંદર સંઘના શ્રેષ્ઠીઓ, અખિલભારત અચલગચ્છ ના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી શામજીભાઈ દંડ,શાંતિજીન ગ્રુપના અધિકારીઓ ,સાહેબના કુટુંબીજનો તેમજ ઉપસ્થિત ગુરુભક્તો,મસ્જિદબંદર સંઘના કાર્યકર ભાઈ-બહેનોએ સર્વે વધામણાં નો લાભ લઇ તપસ્વી મ.સા. ના તપ ની ભૂરિ ભૂરિ અનુમોદના કરેલ. વિવિધ સંઘોમાં ચાતુર્માસાર્થે બિરાજમાન સાધ્વીજી ભગવંતોના આશિર્વચનો તથા ધર્મલાભના શુભ સંદેશાઓ સાહેબજી દ્વારા કહેવામાં આવેલ.



શ્રી રાજેશ છેડા દ્વારા કાર્યક્રમ બાદ સર્વેને સાધર્મિક ભક્તિ તથા રૂ.૫૦ની પ્રભાવના અને ગોળ,સાકર તથા લવિંગની પ્રભાવના વિવિધ ગુરુભક્તો દ્વારા કરાશે તેનો સર્વેને લાભ આપવાની વિનંતી કરાયેલ. પૂજ્ય શ્રી દ્વારા સર્વમંગલ બાદ બહેનોએ સંગીત સથવારે ગરબાનો આનંદ પણ માણ્યો.






# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના નાના રણમાં એશિયાનું સૌથી મોટું મીઠાં પાણીનું રણ સરોવર બનાવવા માટે કેન્દ્ર સરકારે તૈયારીઓ આરંભી છે. કેન્દ્રીય જળ આયોગ (સીડબલ્યુ. સી)ની બેઠકમાં કચ્છના નાનારણમાં રણ સરોવર બનાવવાની ચર્ચા વિચારણા કરવામાં આવી એના અંતર્ગત ૧૮ જેટલી અલગ અલગ સમિતિઓની રચના કરાઈ છે. નાનું રણ પાંચ હજાર ચોરસમીટર લાખ એકર જેટલો ભૂમિ વિસ્તારમાં પથરાયેલો છે. આ વિસ્તારમાં ધુડખર, સુરખાબ જેવા પશુ પક્ષીઓ પોતાની વસાહત બનાવે છે તો નમક ઉત્પાદનના વિશાળ ક્ષેત્ર તરીકે નામાંકિત છે. આ વિસ્તારમાં ૧૧૧ જેટલી નાની મોટી નદીઓના ચોમાસામાં નવ કરોડ ક્યુબિક લિટર મીઠું પાણી એકત્ર થાય છે. સૂરજબારીના ૫૦ વર્ષ જૂના પુલના બે પિલ્લર વચ્ચેના બાકોરાં, ગાળાને પૂરી દેવા માત્રથી સવા કિ. મી.ની વિશાળ લંબાઈનો આડ બંધ બની શકે તેમ છે એવું સૂચન રાપરના ધારાસભ્ય સંતોકબેન આરેઠિયા દ્વારા જણાવાયું છે.

● બાંભડાઈના હાલે બોરીવલી (પૂર્વ)માં રહેતા. દેવકાંબેન હીરજી દેઢિયા ઉ.વ. ૮૪ એવા ભાગ્યશાળી માતા છે. જેમણે પાંચમી પેઢી જોઈ છે. તેમને ૬ પુત્રીઓ છે. મણિબેન, શાંતાબેન, કેસરબેન, ઝવેરબેન, હંસાબેન અને વાંસતીબેન. ૪૮ જણનો પરિવાર ધરાવતા કુટુંબ મોભી નાનીમા દેવકાંબેન નવ વખત શિખરજીની યાત્રા તેમજ ૯૯ યાત્રા કરી છે. આંખે એકદમ ચોખ્ખું દેખાય છે અને સોયમાં દોરો પરોવી લે છે.

● ગુજરાત સરકાર દ્વારા કચ્છના તીર્થક્ષેત્ર નારાયણ સરોવર જાગીરના નવા ગાદીપતિ તરીકે સુ.શ્રી સોનલબેન જોષી (પણિયા)ની નીમણૂક કરાઈ છે. નવા ગાદીપતિ તરીકે સોનલબેન દિનેશભાઈ જોષી પણિયા પૂર્વ ગાદીપતિ બ્રહ્મલીન આનંદ લાલજી મહારાજ સાથે રહી મંદિરના વહીવટમાં સાથ સહકાર આપ્યો છે. તે ઉપરાંત લખપત વિસ્તારના જાગૃત મહિલા તરીકે તેઓ કચ્છમિત્ર સાથે પત્રકાર તરીકે સંકળાયેલા છે.

● કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર તથા સામાજિક કાર્ય વિભાગ દ્વારા તાજેતરમાં મહિલા સશક્તિ કરણ પખવાડિયા અંર્તગત મહિલા કલ્યાણ તથા મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. કલ્પના સતીજા જાણીતા વકીલ સુનિતા ભણસાલીએ વિદ્યાર્થીઓને સ્ત્રીઓને લગતા કાયદાઓ વિષે જાણકારી આપી હતી. મહિલાઓને લગતી હિંસાની ફરિયાદ નોંધવા માટેની હેલ્પ લાઈનની સમજ આપી હતી.

● ગુજરાત સરકાર દ્વારા શાળાકીય અન્ડર ૧૯ બહેનોની જુડો સ્પર્ધા માતૃછાયા વિદ્યાલય ભુજ ખાતે યોજાઈ હતી. જેમાં કુલ નવ વજન ગ્રુપ માટે સમગ્ર જિલ્લાના ખેલાડીઓ વચ્ચે સ્પર્ધા થઈ હતી. તેમાં તમામે તમામ ગ્રુપમાં માતૃછાયાની વિદ્યાર્થીનીઓ વિજેતા થઈ હતી. આ બધી વિજેતાઓ રાજ્યકક્ષાઓ રમવા જશે. વ્યાયામ શિક્ષક, આચાર્યા ઉપરાંત શાળા નિયામક નલિનીબેન શાહ અને ટ્રસ્ટી મઘુભાઈ સંઘવીએ આ ધન્યઘડીને મોકળા મને બિરદાવી હતી.

● વર્ષ ૨૦૨૧ ની ભારતી રાષ્ટ્રીય જનગણનાની તૈયારીઓના ભાગ રૂપે ભચાઉ તાલુકાના ૨૪ ગામોના ૭૩ બ્લોકમાં ૭૩ ગણતરી દારો ૧૨ સુપરવાઈઝરો સાથે કામગીરી શરૂ કરી દેવાઈ છે. રાજ્યના જનગણના નિયામક પી.કે. સોંલકી (આઈ.એ.એસ.) દ્વારા ભચાઉના કરમરિયા ગામે સ્થાનિક નાગરીકના ઘરની પ્રત્યક્ષ મુલાકાત લઈ સ્થળ પર જ મોબાઈલ એપ્લીકેશન દ્વારા ડેટા એન્ટ્રીની કામગીરી કરાવીને થઈ રહેલી જનગણના કાર્યનું નિરીક્ષણ કરી તે ચોક્કસતા સાથે થઈ રહ્યું છે કે નહીં તેની પૂર્વ ચકાસણી–પ્રિટેસ્ટ લીધી હતી.

● નલિયા ખાતે અબડાસા તાલુકાના સરપંચોની બેઠક યોજવામાં આવી હતી. જેમાં તાલુકા સરપંચ સંગઠન બનાવવાનું નક્કી કરાયું હતું. અને આગામી ત્રણ વર્ષ માટે ભાનાડાના સરપંચ અને અબડાસા તાલુકા યુવા ભાજપના પ્રમુખ નરેન્દ્રસિંહ સુરૂભા જાડેજાની પ્રમુખ પદે વરણી કરાઈ હતી.

# ભલારા દાદાના સ્થાનકે મુંબઈના ભાવિકો દર્શનાર્થે પહોંચ્યા





તા.૨૧.૯.૨૦૧૯ ને શનિવારે સવારે ભલારા દાદાના  ૨૧ ભાવિક ભાઈ-બહેનો લાલપુર સ્થાનકે દાદાના દર્શન કરવા  પહોંચ્યા આયોજન કરી નવા બંધાયેલ સંકુલના રૂમોમાં સ્નાન કરી પહેડી-પ્રસાદ ભાવથી ધરાવ્યો, દાદાને ભક્તિથી ભેટવાના પ્રસંગ ધન્યતાથી સૌએ માણ્યા. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ દ્વારા અતિથિ સંકુલમાં રહેવાની ઉત્તમ સગવડ,પ્રસાદ/ભોજનની ઉત્તમ વ્યવસ્થા માણી હાલારના ગામો. દલતુંગી-ભરૂડિયા, રંગપર, મોડપર, આરાધના ધામ, નાની ખાવડી, મોટી ખાવડી, ગિરનાર તથા જામનગર ચૈત્યોને જૂહારી  મુંબઇ તરફ તા.૨૩.૯.૧૯ ના સૌરાષ્ટ્ર મેલ દ્વારા પ્રયાણ કરેલ. જ્ઞાતિજનો તેમજ ભલારા દાદાના ભાવિકોને ઉત્તમ સગવડ (વ્યવસ્થા)  દાદાના સ્થાનકે ઉત્તમ રીતે થાય છે એ સૌ એ સંતોષ સુવિધા માણીને થયો.











# ભાંડુપ સંઘમાં અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ. ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુરૂ પૂજા-ગુરૂ વંદના કરાઈ





તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૧૯ શનિવાર રોજે ભાંડુપ ક.દ.ઓ. જૈન સંઘમાં શાસન સમ્રાટ રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પ.પૂ.ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૧મી પૂણ્યતિથિ દિને ગુરૂ પૂજા તેમજ ગુરૂ વંદનાનો કાર્યક્રમ ચાતુમાસાર્થે બિરાજીત પ.પૂ.આ.શ્રી વિરાગગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ભકિતભાવથી આયોજીત કરાયો. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ અને ગુરૂ ભક્તોની ધન્યભરી ઉપસ્થિત રહી હતી.







# જીવન ઘટમાળ

### ● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૮-૨૦૧૯ | પુના | મિતેશ તલકચંદ દેઢિયા | કોટડી મહાદેવપુરી | - |
| | પુના | યામિની યતીશ હિરાચંદ છેડા | વારાપધર | - |
| ૦૮-૦૯-૨૦૧૯ | મુલુંડ (પ) | અમન ધીરેન ખીમજી ગડા | સાભરાઈ | - |
| | મુલુંડ (પ) | સ્તુતિ મનોજ કુંવરજી દંડ | ભરૂડિયા | - |

### ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૯-૨૦૧૯ | - | વર્ષા હરીશકુમાર શર્મા (સરોજબેન હેમરાજ ખોનાની પુત્રી) | - | ૫૧ |
| ૨૧-૦૯-૨૦૧૯ | ડોંબિવલી | શ્વેતા ભરત લોડાયા | નાની ખાવડી | ૨૯ |
| ૨૨-૦૯-૨૦૧૯ | ઈટારશી | ગુણવંતી પદમશી લોડાયા | નલિયા | ૭૫ |
| ૨૨-૦૯-૨૦૧૯ | અંબડ | વંદન અશોક ધરમશી | નલિયા | ૧૮ |
| ૨૪-૦૯-૨૦૧૯ | હુબલી | ચારૂલતા રતીલાલ નાગડા (પટેલ) | નલિયા | ૬૯ |
| ૨૪-૦૯-૨૦૧૯ | સુથરી | દામજી પત્રામલ છેડા | સુથરી | ૭૧ |






WORLD HEART DAY

## Shree KDO Jain Gnati Mahajan, Mumbai

Sanchalit **Sheth Shree Narshi Natha Medical Trust**

in Coordination with

**Shri Samast KDO Jain Mahajan** are organising

# HEALTHY HEART CHECK UP

WOCKHARDT HOSPITALS | NEW AGE LIFE WINS — Mumbai Central

**On 6th Oct**

at Wockhardt Hospital Mumbai Central

WOCKHARDT HOSPITALS | LIFE WINS — Vashi

**13th Oct**

at Wockhardt Hospital Vashi

at Concessional Rate 3000/- Package just Only in **Rs. 399/-**

| Sr. No. | Tests | Sr. No. | Tests | Offer Rate |
|---|---|---|---|---|
| 1 | Body Mass Index | | LDL | Rs. 399/- |
| 2 | Blood Pressure | | VLDL | |
| 3 | Blood Tests | | Triglycerides | |
| | Random Blood Sugar | | Ratio | |
| | Total Cholesterol | 4 | ECG | |
| | HDL | *5 | 2D Echo/Stress Test | |
| | Non HDL | *6 | Cardiologist Consultation | |

*If Recommended by Doctor, Free Coupon with prior appointment

Post Checkup **"Healthy Heart"** Session by

Cardiologist **Dr. Ravi Gupta** followed by Hi- Tea

**Registration Compulsory last Date : 4th Oct**

**Terms & Condition :** KDO Global Card Must, In case you do not have KDO Global Card, You Can Register right in the hospital on the day of Check-up

**More Details Contact : (4 p.m. to 6 p.m.)**

Shri Bharat Maisheri 9820058048
Mrs. Jayshree Dand 9892215560
Mrs. Manisha Lalka 9820545734
Shri Hitesh Nagda 9892185205




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO